ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૭/૨૩-૨૪/ 1549 તારીખ : 7 DEC 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૭/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી ડોડીયા ગંભીરસિંહ કરશનભાઈ,**
**મું.નાના કેરાલા,**
**તા.વઢવાણ**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં- ૯૧૭૩૭ ૭૦૭૭૭**

**વિષય : અમારા વિજ કનેકશનમાં એમ.ડી.ચાર્જીસ ઉમેરી બિલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૩/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૦/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૩-૨૪/૧૩૬૦ તા.૨૨/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૩-૨૪/૧૩૯૮ તા.૦૯/૧૦/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૩-૨૪/૧૪૫૭ તા.૨૫/૧૦/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૬/૧૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વઢવાણ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૪૭/૨૩–૨૪</u>** ☜

વાદી :– શ્રી ડોડીયા ગંભીરસિંહ કરશનભાઈ

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૦૬/૧૧/૨૦૨૩</u>** ◈

વાદી :– **શ્રી ગોહિલ રાજેન્દ્રસિંહ વજેશંગભાઈ (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ડોડીયા ગંભીરસિંહ કરશનભાઈ, મું. નાના કેરાલા, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરની અમારા વિજ કનેકશનમાં એમ.ડી. ચાર્જીસ ઉમેરી બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૭/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૩–૨૪/૧૩૬૦ તા.૨૨/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૮/૧૦/૨૦૨૩ તેમજ તા.૦૬/૧૧/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ડોડીયા ગંભીરસિંહ કરશનભાઈ વતી તેમના પ્રતિનિધિ શ્રી ગોહિલ રાજેન્દ્રસિંહ વજેશંગભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ <u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ વાદીશ્રી ડોડીયા ગંભીરસિંહ કરશનભાઈ, રહેવાસી– નાના કેરાળા, તા.વઢવાણ, ગ્રાહક નં – ૨૪૮૧૨/૦૦૩૧૧/૭ થી ૩૭.૫ કી.વો. ની ઔધોગીક વિજ જોડાણ તા.૨૬/૧૧/૨૦૧૯ થી નાના કેરાળા ગામે ખાતે ધરાવે છે.

૧.૨ વાદી જણાવે છે કે, ઓગષ્ટ–૨૩ માં વિજ કચેરી દ્વારા તેમના ખાતામાં અંદાજીત રૂ.૮૫૦૦૦/– એમ.ડી. ચાર્જ તરીકે ઉધારવામાં આવેલ છે. જે બાબતે અમોને જાણ થતા વિજ કચેરી વઢવાણ ખાતે તપાસ કરવામાં આવતા વીજ કચેરી દ્વારા જણાવેલ છે કે, માહે મે–૨૦૨૨ થી સપ્ટેમ્બર–૨૦૨૨ સુધી મીટરમાં એમ.ડી.વધુ આવેલ છે. જેના અનુસંધાને વિજ કચેરી દ્વારા અમોને નોટીસ અને અંદાજપત્ર મોકલેલ હતું. જે અમોને મળેલ નથી તેમ જણાવે છે. તેમજ જે તે સમયે વીજ બિલમાં એમ.ડી.વધુ આવેલ છે તે વીજ બીલ પણ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

મળેલ નથી તેમ જણાવે છે.

૧.૩ વાદી જણાવે છે કે, જો અમોને સમયસર વીજ બીલ મળેલ હોત તો મોટી રકમ બાકી રહેત નહી. આમ છતાં, સપ્ટે–૨૦૨૨ થી ફેબ્રુ–૨૦૨૩ સુધીમાં કુલ રૂા.૧૫,૦૦,૦૦૦/– ભરવામાં આવેલ છે તેમજ જો સમયસર વીજ બીલ મળેલ હોત તો વધુ એમ.ડી.આવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાત નહી.

૧.૪ વાદી જણાવે છે કે, વર્ષ–2020 માં કોરોનાના સમયમાં અમારી ફેકટરી બંધ હતી. તેવા સમયે ખોટા વીજ ચોરીના આક્ષેપ કરી અમોને રૂા.૨૬,૦૦,૦૦૦/– નો દંડ આપેલ હતો. જેના અનુસંધાને હાઈકોર્ટમાં ગયેલ હતા જે અન્વયે હાઈકોર્ટ દ્વારા હુકમ કરતા અમારૂં વીજ જોડાણ પાછું જોડેલ હતુ.

૧.૫ વાદી જણાવે છે કે, સમયસર વીજ બીલ મળવાથી હવે અમારૂં કોઈ લેણું બાકી રહેતું નથી. હવે મારી એમ.ડી.૧૭ ની આજુબાજુ રહે છે. જેથી અમારે વીજ ભાર વધારવાની કોઈ જરૂરીયાત રહેતી નહી હોવાથી અમારા વીજ ખાતામાં લોડ વધારા માટેના નાણાં ઉધારેલ છે. તે બાદ કરી આપવું તેમજ હવે પછી જો એમ.ડી.વધુ આવશે તો વીજભાર વધારવા માટે અરજી કરીશું તેમ જણાવે છે. તેમજ લોડ વધારા માટેના નાણાં ઉધારેલ છે તે નાણાં પાછા ખેંચવા રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી ડોડીયા ગંભીરસીંહ કરશનભાઈ, રહેવાસી–નાના કેરાળા, તા.વઢવાણ, ગ્રાહક નંબર– ૨૪૮૧૨/૦૦૩૧૧/૭ થી ૩૭.૫ કી.વો.ની ઔધોગીક વીજ જોડાણ તા.૨૬/૧૧/૨૦૧૯ થી નાના કેરાળા ગામે ખાતે ધરાવે છે.

૨.૨ વાદીનો સદર વીજ જોડાણ ૩૭.૫ કી.વો. નું ધરાવે છે. વાદીએ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ માં કુલ ૭ વાર માંગેલ વીજભાર થી વધુ વીજભારનો વપરાશ કરેલ છે. જેમાં, વાદીના વીજ મીટરમાં મે–૨૩ માં ૬૨.૧૦, જુન–૨૨ માં ૪૭.૩, જુલાઈ–૨૩ માં ૫૩.૧૦, ઓગષ્ટ–૨૩ માં ૫૭.૨, સપ્ટેમ્બર–૨૩ માં ૫૨.૭, ઓકટોબર–૨૩ માં ૬૦.૪, અને નવેમ્બર–૨૩ માં ૫૫.૮ ડિમાન્ડ જોવા મળેલ છે.

૨.૩ સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૯૫ મુજબ સદર ગ્રાહકને વિજ ભાર વધારો કરવાનો થાય છે. '' સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ માંગ આધારીત એલ.ટી.વીજ જોડાણ ના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫% કે તેથી વધુ કરાર માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજુ કરવા ૩૦ દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ.મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે''

૨.૪ આમ, વાદીએ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ માં કુલ ૭ વાર માંગેલ વીજભાર થી વધુ વીજભારનો વપરાશ કરેલ હોવાથી સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ વીજભારમાં વધારો કરવા માટે પત્ર નં–પીજીવીસીએલ/વઢવાણ/સુઓમોટો નોટીસ/૨૪૧૬ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. સદર નોટીસનો વાદી દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ હતો નહી. વાદીએ વીજ કચેરી દ્વારા જવાબ નહી આપતા પત્ર નં–ડીઈ/વઢવાણ/ટેક/૫૬૩૧ તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ વીજભાર વધારો કરવા માટેનું રૂા.૮૫૮૪૭/– અંદાજપત્ર આપવામાં આવેલ હતું.

૨.૫ વાદીએ વીજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર નિયત સમયમાં ભરવામાં આવેલ નહી હોવાથી વીજ કચેરી દ્વારા સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ અંદાજપત્રની રકમ રૂા.૮૫૮૪૭/– તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ ઉધારવામાં આવેલ છે. જેથી વાદીએ વીજભારનો વપરાશ કરેલ હોય વીજભાર વધારો કરવાનો થાય છે.

૨.૬ વાદી જણાવે છે કે, માહે મે–૨૦૨૨ થી સપ્ટેમ્બર–૨૦૨૨ સુધી મીટર માં એમ.ડી. વધુ આવેલ છે. જેના અનુસંધાને વીજ કચેરી દ્વારા અમોને નોટીસ અને અંદાજપત્ર મોકલેલ હતું. જે અમોને મળેલ નથી તેમ જણાવે છે. પણ અંદાજપત્ર મળ્યાની સ્લીપમાં સહી કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે જોડેલ છે. તેમજ જે સમયે વીજ બિલમાં એમ.ડી.વધુ આવેલ છે તે વીજ બીલ પણ મળેલ નથી તેમ જણાવે છે તેમાં પણ તમામ વીજ બીલ મીટર રીડર દ્વારા સ્થળ પર બનાવીને સ્થળ પર જ આપવામાં આવે છે. જેની વિગત જી.પી.આર.એસના Latitude & Longitude રીપોર્ટમાં પણ જોવા મળે છે. જેની માહિતી આ સાથે જોડેલ છે.

૨.૭ વાદીએ જે બાબત જણાવેલ છે કે તે રજૂઆત પાવર ચોરીના વીજબીલ ની હોય વર્ષ–૨૦૨૦ માં કોરોના સમયમાં અમારી ફેકટરી બંધ હતી. તેવા સમયે ખોટા વીજચોરીના આક્ષેપ કરી અમોને રૂા.૨૬,૦૦,૦૦૦/– નો દંડ કરેલ હતો. જેના અનુસંધાને હાઈકોર્ટમાં ગયેલ હતા જે અન્વયે હાઈકોર્ટ દ્વારા હુકમ કરતા અમારૂં વીજજોડાણ પાછું જોડેલ હતું. જે સબબ વાદીએ તા.૨૨/૦૯/ ૨૦૨૨ થી તા.૦૫/૦૨/૨૦૨૩ સુધીમાં રૂા.૧૫,૦૦,૦૦૦/– ભરપાઈ કરેલ છે તેમ રજૂઆત કરેલ છે. પરંતુ, સદર કેસ પાવર ચોરીના વીજબીલ નો હોય અને વાદીએ એમ.ડી.તરીકેનો વધારાનો ચાર્જ રદ કરવા બાબતની રજૂઆત કરેલ છે.

૨.૮ આમ,વાદીએ વધુ વીજભારનો વપરાશ કરેલ હોય સપ્લાય કોડની શરત મુજબ વીજભાર વધારો કરવાનો થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☛ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ડોડીયા ગંભીરસીહ કરશનભાઈ, રે.નાના કેરાળા, તા.વઢવાણ, દ્વારા તેમના ગ્રાહક નં–૨૪૮૧૨/૦૦૩૧૧/૭ ના ૩૭.૫ કિ.વો માં તેમની વીજ માંગમાં વધારો થતા પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર સામે તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆત રૂબરૂમાં સાંભળવા આજરોજ તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણીરાખવામાં આવેલ. જેમાં, બંને પક્ષકારોએ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રતિવાદીની લેખિત રજૂઆત મુજબ વાદી દ્વારા તેમના સદરહુ કનેકશનમાં વર્ષ ૨૦૨૨–૨૩ માં કુલ ૭ વાર માંગેલ વીજભાર થી વધુ વીજભારનો વપરાશ કરેલ છે. તેમજ મે–૨૨ માં ૬૨.૧૦, જુન–૨૨ માં ૪૭.૩, જુલાઈ–૨૩ માં ૫૩.૧૦, ઓગષ્ટ–૨૩ માં ૫૭.૨, સપ્ટેમ્બર–૨૩ માં ૫૨.૭, ઓકટોબર–૨૩ માં ૬૦.૪, અને નવેમ્બર–૨૩ માં ૫૫.૮ ડિમાન્ડ નોંધાયેલ છે. આથી સપ્લાય કોડ –૨૦૧૫ ના કલોઝ નં–૪.૯૫ મુજબ વીજભાર માં વધારો કરવા રૂ.૮૫,૮૪૭/– નું અંદાજપત્ર આપેલ જે ભરપાઈ ન થતા ગ્રાહક ના ખાતામાં રકમ ઉધારેલ છે.

૩.૪ સુનાવણી દરમ્યાન વાદી દ્વારા તેમના વીજ વપરાશમાં એમ.ડી.વધારા અંગેનું અંદાજપત્ર મળ્યું ન હોવાની તથા વર્ષ ૨૩–૨૪ માં વધુ એમ.ડી. નો વીજ વપરાશ થયેલ ન હોવાની રજૂઆત કરી અંદાજપત્ર રદ કરવા વીનંતી કરેલ છે.

૩.૫ વાદી પ્રતિવાદીની રજૂઆતો અને રજૂ થયેલ બીલીંગ રેકર્ડ તથા અન્ય પરિપત્રો ને ધ્યાને લેતા, ફોરમને જણાય છે કે, પ્રતિવાદીની તેની કોર્પોરેટ કચેરીના પત્ર નં–પીજીવીસીએલ/આરએન્ડસી/ ૧૯૧૦ તા.૧૯/૦૩/૨૦૨૨ માં એલ.ટી.ડિમાન્ડ કન્ઝયુમર્સની કોન્ટ્રેકટ ડિમાન્ડ રીવ્યુ કરવા બાબતે નીચે મુજબ માર્ગદર્શીકા આપેલ છે.

"It has come to Knowledge that, some of the LT consumers, whose contact demand exceeded by 5% or more for four times, during previous financial year and such consumers have either controlled their demand or agreed to under-take that they will consume within their contracted demand now, moreover, there are some consumers, who are facing space constrains for installation of CTPT and transformers centres.

In such cases, we may allow such consumers with their current contract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause No.4.95 of supply code and consumers desirous to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand."

૩.૬ આમ, પ્રસ્તુત કેસમાં વાદીનો બિલીંગ રેકર્ડ જોતા તાજેતરના વર્ષની એમ.ડી.યોગ્ય જણાઈ છે, તેથી જો તેઓ તા.૨૬/૦૭/ ૨૦૨૨ થી તા.૨૬/૦૭/૨૦૨૩ ના બે વર્ષના સમયગાળાનો મીનીમમ ચાર્જ ભરી નોટરાઈઝડ સંમતિ પત્રક આપવા તૈયાર હોઈ તો, પ્રતિવાદીએ તે મેળવી અને અંદાજપત્ર રદ કરી રકમ જમા આપવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.**

તારીખ :— ૦૬/૧૧/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar